# સાયન્સ સેન્ટર ન્યુઝ લેટર

ઓગસ્ટ ૨૦૧૯
અંક-૫૨

સાયન્સ સેન્ટર

વોલ્યુમ-૫, ઈશ્યુ-૦૪

**પ્રકાશક**
**એમ. થેન્નારસન**
આઈ.એ.એસ.
મ્યુનિસિપલ કમિશ્નર

**સંપાદક**
**આર. જે. પંડયા**
ડે. મ્યુ. કમિશ્નર

**સહ સંપાદક**
**ભામિની મહિડા**
ચીફ ક્યુરેટર

**દિવ્યેશ ગામેતી**
ક્યુરેટર (સાયન્સ)

**સંયોજક**
**ડૉ. પૃથુલ દેસાઈ**
પ્રિન્સીપાલ
પી.ટી.સાયન્સ કૉલેજ

## વિજ્ઞાનમાં નવીન ખોજ

### તમે અને તમારા મિત્રો ફક્ત મગજનો ઉપયોગ કરીને વિડિયો ગેમ કેવી રીતે રમી શકો?

વોશિંગ્ટન યુનિવર્સિટીના નવા સંશોધનને કારણે ટેલિપેથિક સંચાર કદાચ વાસ્તવિકતાથી એક ડગલું નજીક છે. સંશોધન ટુકડીએ એવી પધ્ધતિ બનાવી છે જેમાં ત્રણ વ્યક્તિઓ તેમના મગજનો ઉપયોગ કરી સમસ્યા ઉકેલવા માટે એક સાથે કાર્ય કરી શકે.

બ્રેઈનનેટમાં, ત્રણ વ્યકિતઓ મગજ-થી-મગજના ઈન્ટરફેસનો ઉપયોગ કરી ટેટ્રિસ જેવી રમત રમે છે. સંશોધન ટુકડીએ તેમનું પરીણામ નેચર જર્નલ 'સાયન્ટિફિક રિપોર્ટ' વોશિંગ્ટન, ડીસી, યુ.એસ.એ.માં પ્રસિધ્ધ કર્યું હતું.



ટેટ્રિસની જેમ, રમતમાં સ્ક્રીનની ટોચ પર એક બ્લોક હોય છે અને તેને સૌથી નીચે તરફ એક રેખામાં લાવવાનું હોય છે. બે મોકલનાર વ્યકિતઓ બ્લોક અને રેખા બંને જોઈ શકે છે પરંતુ રમતને નિયંત્રિત કરી શકતા નથી. ત્રીજો વ્યકિત, ગ્રહણ કરનાર ફક્ત બ્લોક જોઈ શકે અને તે રેખાને સફળતાપૂર્વક પૂર્ણ કરવા માટે બ્લોકને કેવી રીતે ફેરવવું તે રમતને કહી શકે છે. સંશોધન ટુકડીએ રમતના ૧૬ રાઉન્ડ માટે સ્પર્ધકોના પાંચ જૂથો બનાવ્યા. દરેક જૂથ માટે, ત્રણ સ્પર્ધકો જુદા જુદા ઓરડામાં હતા અને એકબીજાને જોઈ, સાંભળી કે એકબીજા સાથે વાતચીત કરી શકતા ન હતા. દરેક મોકલનાર કોમ્પ્યુટરની સ્ક્રીન પર રમતને જોઈ શકે છે. સ્ક્રીનમાં પણ એકબાજુ 'હા' અને બીજી બાજુ 'ના' શબ્દ દેખાય છે. 'હા' વિકલ્પની નીચેની એલઈડી એક સેકન્ડમાં ૧૭ વાર ઝબકે છે અને 'ના' વિકલ્પની નીચેની એલઈડી એક સેકન્ડમાં ૧૫ વાર ઝબકે છે. એલન સ્કૂલના સ્નાતક/અનુસ્નાતક સંયુકત ડિગ્રી પ્રોગ્રામના વિદ્યાર્થીઓને લેખક લિકિંસગ પ્રેસ્ટન જીયાંગે જણાવ્યું કે "એકવખત મોકલનાર ચોકકસ સેકન્ડમાં બ્લોકને ફેરવવું છે કે નહીં તે નકકી કરી દે પછી તેને અનુરૂપ પ્રકાશ પર ધ્યાન કેન્દ્રિત કરી 'હા' કે 'ના' ગ્રહણ કરનારાના (રીસીવર) મગજ સુધી મોકલે છે." મોકલનારે ઈલેકટ્રોએન્સફેલોગ્રાફી ટોપી પહેરી હતી જે તેમના મગજમાં થતી વિદ્યુત પ્રવૃત્તિને ધ્યાન પર લેતું હતું. પ્રકાશની વિવિધ ઝબકતી રચના મગજમાં એક વિશિષ્ટ પ્રકારની પ્રવૃત્તિની પ્રતિક્રિયા આપે છે, જે ટોપી ગ્રહણ કરે છે. આ પસંદગી ત્યારબાદ 'હા' કે 'ના' ના જવાબમાં રૂપાંતરીત થાય છે જે ઈન્ટરનેટ દ્વારા ગ્રહણ કરનાર સુધી મોકલવામાં આવે છે. જો જવાબ 'હા, બ્લોકને ફેરવો', હોય તો ગ્રહણ કરનાર તેજસ્વી પ્રકાશ જુએ છે. જો જવાબ 'ના' હોય તો, ગ્રહણ કરનારને કંઈ દેખાતું નથી. ગ્રહણ કરનાર બ્લોકને ફેરવવું કે નહી તેનો નિર્ણય કરતા પહેલા બંને મોકલનારના ઈનપુટ પ્રાપ્ત કરે છે. કારણ કે ગ્રહણ કરનારે પણ ઈલેકટ્રોએન્સફેલોગ્રાફી ટોપી પહેરી હોય છે, હા અને ના પસંદ કરવા તે મોકલનારે કરેલી પધ્ધતિ જેવી જ પધ્ધતિનો ઉપયોગ કરે છે. મોકલનારને ગ્રહણ કરનારે લીધેલા નિર્ણય જોવાની તક મળે છે અને જો તેઓ નિર્ણય સાથે સહમત ન હોય તો તેમને સુધારો મોકલે છે. એકવાર ગ્રહણ કરનારે બીજો નિર્ણય મોકલ્યા બાદ ટુકડીમાંના દરેક લીટી પૂર્ણ થઈ કે નહીં તે જાણે છે. સરેરાશ, દરેક ટુકડીએ ૧૬ પ્રયત્નોમાંથી ૧૩માં સફળતાપૂર્વક લીટી પૂર્ણ કરી હતી.

સૌજન્ય: શ્રી દુર્ગારામ મંછારામ મહેતા નગર પ્રાથમિક શાળા ક્રમાંક-૨૮

## આ માસના વૈજ્ઞાનિક

### હોમી નુસરવાન્જી શેઠના

હોમી નુસરવાન્જી શેઠનાનો જન્મ મહારાષ્ટ્રના બોમ્બે (મુંબઈ) ખાતે ૨૪ ઓગસ્ટ, ૧૯૨૩ના રોજ થયો હતો. ઈ.સ. ૧૯૪૪માં યુનિવર્સિટી ઓફ બોમ્બેમાંથી વિજ્ઞાનના સ્નાતક થયા હતા. તેઓએ કેરાલામાં અલવ ખાતે પ્લાન્ટ સ્થાપ્યો જે મોનાઝાઈટ રેતીમાંથી પૃથ્વીના દુર્લભ તત્વો અલગ તારવતા હતા. થોરીયમ પ્લાન્ટનું બાંધકામ અને ટ્રોમ્બે ખાતે આણ્વીય ગ્રેડ યુરેનિયમ ધાતુના ઉત્પાદન માટેનો પ્લાન્ટ પણ તેમણે પૂર્ણ કર્યો હતો. ટ્રોમ્બે ખાતેના પ્લુટોનિયમ પ્લાન્ટની રચના અને બાંધકામ (ઈ.સ. ૧૯૫૯માં પ્રોજેકટ ઈજનેર તરીકે શેઠનાના નેતૃત્વમાં) ભારતીય વૈજ્ઞાનિકો અને ઈજનેરો



દ્વારા કરવામાં આવ્યા હતા. ઈ.સ. ૧૯૬૭માં બિહારમાં જાદુગડા ખાતે યુરેનિયમ મિલ પણ તેમના માર્ગદર્શન હેઠળ બનાવવામાં આવ્યું હતું. મે, ૧૯૭૪માં ભારતમાં થયેલા શાંતિપૂર્ણ ન્યુકિલઅર વિસ્ફોટમાં શેઠના માર્ગદર્શક તરીકે રહયા હતા. તેમને ઈ.સ. ૧૯૫૯માં પદ્મશ્રી, ઈ.સ. ૧૯૬૦માં શાંતિ સ્વરૂપ ભટ્નાગર પુરસ્કાર, ઈ.સ. ૧૯૬૬માં પદ્મભૂષણ અને ઈ.સ. ૧૯૭૫માં પદ્મવિભૂષણ મળ્યો હતો.

સૌજન્ય: શ્રી દુર્ગારામ મંછારામ મહેતા નગર પ્રાથમિક શાળા ક્રમાંક-૨૮

| | |
|---|---|
| ૨ ઓગસ્ટ ૧૮૬૧ | ભારતીય વૈજ્ઞાનિક સર પ્રફુલ્લચંદ્ર રે નો જન્મ. |
| ૪ ઓગસ્ટ ૧૯૫૬ | ભારતનું સર્વપ્રથમ “અપ્સરા”નામનું પરમાણું રિએક્ટર ટ્રોમ્બે (BARC ભાભા એટોમીક રીસર્ચ સેન્ટર)ખાતે શરૂ થયું. |
| ૫ ઓગસ્ટ ૧૯૩૦ | નીલ એલ્ડન આર્મસ્ટ્રોંગ (ચંદ્ર પર પ્રથમ પગ મૂકનાર વ્યકિત)નો જન્મ. |
| ૬ ઓગસ્ટ ૧૮૮૧ | પ્રો. એલેકઝાન્ડર ફલેમિંગ (‘પેનીસિલીન’ દવાના શોધક)નો જન્મ. |
| ૭ ઓગસ્ટ ૧૯૭૬ | અમેરિકાએ છોડેલું ‘વાઈકીંગ-૨’અવકાશયાન મંગળની કક્ષામાં પ્રવેશ્યું. |
| ૮ ઓગસ્ટ ૧૯૦૧ | અર્નેસ્ટ લોરેન્સ (સાઈ લોટ્રોનનાં શોધક)નો જન્મ. |
| ૧૨ ઓગસ્ટ | આંતરરાષ્ટ્રીય યુવા દિવસ (યુ.એન.દ્વારા) |
| ૧૨ ઓગસ્ટ ૧૯૧૯ | ભારતના મહાન વૈજ્ઞાનિક ડો.વિક્રમ અંબાલાલ સારાભાઈનો જન્મ. |
| ૧૪ ઓગસ્ટ ૧૮૮૮ | જ્હોન લોજી બેઈર્ડ (કલર ટેલિવિઝનના શોધક)નો જન્મ. |
| ૧૭ ઓગસ્ટ ૧૮૭૦ | ફ્રેડરીક રસેલ (પ્રથમ સફળ ટાઈફોઈડ તાવની રસીનાં શોધક)નો જન્મ. |
| ૨૧ ઓગસ્ટ ૧૭૫૪ | વિલિયમ મરડોક (ગેસના દિવાના શોધક)નો જન્મ. |
| ૨૨ ઓગસ્ટ ૧૯૨૦ | ડેન્ટલ કુલે (પ્રથમ કૃત્રિમ હૃદયનું ટ્રાન્સપ્લાન્ટ કરનાર)નો જન્મ. |
| ૨૫ ઓગસ્ટ ૧૯૮૯ | “વોયેજર-૨”અવકાશયાન નેપ્ચ્યુન ગ્રહની ખૂબ નજીક પહોંચ્યું. |
| ૨૬ ઓગસ્ટ ૧૯૦૬ | આલ્બર્ટ સાબીન (ઓરલ પોલીયો રસીનાં શોધક)નો જન્મ. |
| ૨૯ ઓગસ્ટ | આંતરરાષ્ટ્રીય ન્યુકિલઅર પરીક્ષણ વિરોધ દિવસ. (યુ.એન.દ્વારા) |
| | યુ.એન.: યુનાઈટેડ નેશન્સ |

જવાબ: ૧. ક ૨. અ ૩. અ ૪. બ ૫. ક

SCS
SCIENCE CENTRE
SURAT

**સમય**

મંગળવાર થી શુક્રવાર
સવારે ૯.૩૦ થી સાંજે ૪.૩૦

શનિવાર, રવિવાર
તથા
જાહેર રજાના દિવસે
સવારે ૧૧.૦૦ થી સાંજે ૬.૩૦

**સરનામું**

સાયન્સ સેન્ટર સુરત
સિટીલાઈટ રોડ,
સુરત - ૩૯૫ ૦૦૭

**ફોન નં.**

૦૨૬૧ - ૨૨૫૫૯૪૭
+૯૧ ૯૭૨૭૭ ૪૦૮૦૭

**ફેક્ષ નં.**

૯૧-૨૬૧-૨૨૫૫૯૪૬

**ઈ-મેઈલ**

sciencecentre@suratmunicipal.org

**વેબ સાઈટ**

www.suratmunicipal.gov.in

बहुजनहिताय बहुजनसुखाय

## ફન સાયન્સ ગેલેરી એક્ઝીબીટને ઓળખો

### રમુજી અરીસાઓ

જુદા જુદા આકારવાળા અરીસાઓમાં તમારૂ પ્રતિબિંબ જુઓ. કેટલા રમુજી આકારમાં તમે દેખાય રહયા છો ખરૂ ને! અંતર્ગોળ અરીસામાં તમારૂ પ્રતિબિંબ લાંબુ અને બર્હિંગોળ અરીસામાં તે ચપટું દેખાશે.
હવે અરીસાને ફેરવો અને તમારા પ્રતિબિંબમાં, તમારા ચહેરાના આકારમાં થતા ફેરફાર જુઓ.







## વૈજ્ઞાનિક પ્રશ્ન

### અવરોધ એટલે શું? (ભાગ-૨)

**બિનઅસરકારક ગુણધર્મોઃ**

પ્રાયોગિક અવરોધોમાં શ્રેણી ઈન્ડકટન્સ અને ઓછા પ્રમાણમાં સમાંતર કેપેસિટન્સ હોય છે, આ વિશિષ્ટતાઓ ઊચ્ચ-આવૃતિના ઉપયોગોમાં મહત્વપૂર્ણ હોય છે.
કેટલીક ચોકકસ ઉપયોગો માટે અવરોધકતાનો તાપમાન અચળાંક અગત્યનો રહે છે. અનિચ્છનિય ઈન્ડકટન્સ, વધુ પડતો અવાજ અને તાપમાન અચળાંક મોટે ભાગે અવરોધ બનાવવામાં વપરાતી તકનીક પર આધાર રાખે છે.
અલગ-અલગ અવરોધોને તેના ફોર્મ ફેકટર એટલે કે, સુસંગત ઉપકરણતા કદ અને તેની લીડ (અથવા ટર્મિનલ)નું સ્થાન) દ્વારા પણ વર્ગીકૃત કરવામાં આવે છે, જે તેમના વડે તૈયાર થતી સર્કિટના ઉત્પાદન સાથે સુસંગત છે.
**ચોકકસ મૂલ્યના અવરોધઃ**
**લીડની ગોઠવણીઃ**



'Through-hole' ઘટકોમાં "લીડ" હોય છે, જે અવરોધના મુખ્ય ભાગને "અક્ષીય" બનાવે છે, જે તેના ભાગના લાંબા અક્ષને સમાંતર લીટી પર હોય છે. જયારે અન્યમાં લીડ તેના મુખ્ય ભાગ ઉપર તરફ નીકળે છે.
**કાર્બન રચનાઃ**



કાર્બન બંધારણ ધરાવતા અવરોધો (CCR) સખત નળાકાર અવરોધકીય તત્વ ધરાવતા હોય છે જેમાં તારને લીડ જોડેલ હોય છે અથવા છેડા પરની ધાતુની કેપ સહિતના લીડ વાયરો જોડાયેલા હોય છે. અવરોધનો મુખ્ય ભાગ રંગ અથવા પ્લાસ્ટિકથી સુરક્ષિત હોય છે. ૨૦મી સદીના પ્રારંભમાં કાર્બન બંધારણ ધરાવતા અવરોધમાં અલગ કરેલ ભાગ ન હતા, તેમાં લીડ વાયરો અવરોધક તત્વના સળિયાના અંત ભાગમાં વિંટળાયેલ અને સોલ્ડર કરેલ સંપૂર્ણ અવરોધને તેના મૂલ્ય મુજબ કલર-કોડથી રંગવામાં આવતા હતા. અવરોધકીય તત્ત્વ ખૂબજ સૂક્ષ્મ કાર્બન પાઉડર સામાન્ય રીતે સિરામીક જેવા અવાહક પદાર્થથી બનાવવામાં આવે છે. રેઝીન આ મિશ્રણને જકડી રાખે છે. કાર્બનમાં ભરેલા પદાર્થ (પાવડર સિરામીક)ના ગુણોત્તર પરથી તેની અવરોધકતાની માહિતી મેળવી શકાય છે. સારા સુવાહક એવા કાર્બનનું વધુ પ્રમાણ થી ઓછી અવરોધકતા મળે છે.
કાર્બન બંધારણ ધરાવતા અવરોધો હાલ પણ ઉપલબ્ધ છે પરંતુ ઘણાં મોઘાં હોય છે. તેનું મૂલ્ય કેટલાંક ઓહમ સુધીની શ્રેણીના હોય છે. મોઘું હોવાથી, આ અવરોધોનો ઉપયોગ મોટા ભાગે થતો નથી. જોકે, તેનો ઉપયોગ પાવર વિતરણ અને વેલ્ડીંગ નિયંત્રણોમાં થાય છે.
**કાર્બનની ગોળીઓઃ**
કાર્બનની ગોળીઓ બનતા અવરોધ બે ધાતુની સંપર્ક પ્લેટો વચ્ચે કાર્બનની ચકતીને દબાવીને બનાવવામાં આવે છે.
આ અવરોધોનો ઉપયોગ જયાં ચલિત લોડની જરૂર હોય ત્યાં થાય છે. ઉદાહરણ તરીકે ઓટોમોટિવ બેટરીઓ અથવા રેડિયો ટ્રાન્સમીટરોની ચકાસણીમાં તેનો ઉપયોગ થાય છે. કાર્બન પાઈલ અવરોધનો ઉપયોગ કેટલાક હજાર વોટ સુધીના રેટીંગવાળા ઘરગથ્થુ ઉપકરણો (સિલાઈ મશીન, હાથથી ચાલતા મિકસર)ની નાની મોટરોમાં ઝડપના નિયંત્રણ માટે પણ થાય છે. આ સિધ્ધાંતનો ઉપયોગ કાર્બન માઈક્રોફોનમાં પણ કરવામાં આવે છે.

**કાર્બન ફિલ્મઃ**



કાર્બન ફિલ્મને અવરોધકીય પદાર્થ પર જમા કરવામાં આવે છે અને તેમાં હેલિકસ (વમળઆકાર) આકારનો ભાગ કાપી લાંબો, સાંકળો અવરોધકીય માર્ગ બનાવવામાં આવે છે.
શુધ્ધ ગ્રેફાઈટને બાંધ્યા વગર ચોકસાઈથી વિતરીત કરવામાં આવેલ હોવાથી કાર્બન બંધારણ ધરાવતા અવરોધની તુલનામાં તે અવાજ ઓછો કરે છે. અવરોધકતાની પ્રાપ્ય શ્રેણી ૧ ઓહમથી ૧૦ મેગા ઓહમ છે. કાર્બન ફિલ્મ અવરોધના ઓપરેટીંગ તાપમાનની શ્રેણી-૫૫° સે થી ૧૫૫° સે હોય છે. તેની મહત્તમ કાર્યક્ષમ વોલ્ટેજ શ્રેણી ૨૦૦ થી ૬૦૦ વોલ્ટ હોય છે. વિશિષ્ટ કાર્બન ફિલ્મ અવરોધોનો ઉપયોગ ઉચ્ચ પલ્સ સ્થિરતા જરૂરી હોય ત્યાં ઉપયોગમાં લેવાય છે.
**છાપેલા કાર્બન અવરોધઃ**



PCB ઉત્પાદન પ્રક્રિયાના ભાગરૂપે કાર્બન બંધારણ ધરાવતા અવરોધોને સીધી રીતે જ પ્રિન્ટેડ સર્કિટ બોર્ડ (PCB)ના ભાગપર પ્રિન્ટ કરવામાં આવે છે, જોકે હાઈબ્રીડ PCB મોડયુલ માટે આ તકનીક સામાન્ય છે, તે પ્રમાણિત ફાઈબર ગ્લાસ PCB માં પણ ઉપયોગમાં લઈ શકાય છે.

સૌજન્યઃ
શ્રી દુર્ગારામ મંછારામ મહેતા નગર પ્રાથમિક શાળા ક્રમાંક-૨૮

## સાયન્સ કિવઝ

૧. જૂલ શેનો એકમ છે?
અ. તાપમાન, બ. દબાણ, ક. ઊર્જા, ડ. ઉષ્મા

૨. સેન્ટીગ્રેડ અને ફેરનહીટ સ્કેલ કયારે સમાન વાંચન આપે છે?
અ. -૪૦, બ. -૩૨, ક. -૨૭૩, ડ. -૧૦૦

૩. એલેકઝાંડર ફલેમિંગે શું શોધ્યું હતું?
અ. પેનિસિલિન, બ. ક્ષ-કિરણ, ક. સ્ટ્રેપ્ટોમાસીન, ડ. ટેલિફોન

૪. ઓંકોલોજી શેનો અભ્યાસ છે?
અ. પક્ષીઓ, બ. કેન્સર, ક. સસ્તન પ્રાણીઓ, ડ. જમીન

૫. પ્રકાશનો વેગ કોના દ્વારા માપવામાં આવ્યો હતો?
અ. આઈન્સ્ટાઈન, બ. ન્યૂટન, ક. રોમર, ડ. ગેલિલીયો

## સાયન્સ પ્રકલ્પ

સુરત મહાનગરપાલિકા દ્વારા સાયન્સ સેન્ટર સુરત ખાતે ‘સ્વચ્છ સુરત, હરિયાળુ સુરત’ વિષય આધારિત આર્ટ ગેલેરીના ભોંયતળિયે ‘વિજ્ઞાનમેળા’ નું આયોજન તા. ૦૩ અને ૦૪મી ઓગસ્ટ, ૨૦૧૮ના રોજ કરવામાં આવ્યું હતું. શ્રી દુર્ગારામ મંછારામ મહેતા નગર પ્રાથમિક શાળા ક્રમાંક-૨૮ના વિદ્યાર્થીઓએ ‘હવા શુધ્ધિકરણ પ્લાન્ટ’ પ્રોજેકટ રજૂ કર્યો હતો. આ પ્રકલ્પનો હેતુ હવાને શુધ્ધ કરવા માટેનો છે. તેની પધ્ધતિ આ મુજબ છેઃ સૌ પ્રથમ વુડન સ્ટેન્ડ લો, તેના પર પી.વી.સી. પાઈપ ટ્રી-કેલ્પ દ્વારા ફીટીંગ કરો. હેવી એલીમીટર સાથે જોઈન્ટ કરો. ટ્રી-કેલ્પ અને પી.વી.સી. પાઈપ વચ્ચે ફિલ્ટર ગોઠવો. પી.વી.સી. અને ટ્રાઈકાલ્પ છેડાને સોલ્યુશનથી ફીટ કરો અને પાઈપનાં ઉપરનાં છેડા ઉપર નાળચુ ગોઠવો તેમજ એલીમેટરને પ્લગમાં નાંખી સ્વીચ ચાલુ કરો. સ્વીચ ચાલુ થશે અને ફેન ફરશે જે બહારની હવામાં રહેલા રજકણો ખેંચી લેશે અને તે રજકણ નીચે જમા થશે. શુધ્ધ હવા બહાર આવશે.
આ પ્રકલ્પના ફાયદા આ મુજબ છેઃ આ પ્રકલ્પ કંપની, સોસાયટી તેમજ ચાર રસ્તા પર ગોઠવી શકાય છે. તેની મદદથી હવામાં રહેલા રજકણો દૂર કરી શકાય છે જેથી પર્યાવરણમાં સુધારો લાવી શકાય. જેનાથી ફેફસાનાં રોગો જેવા કે દમ, ખાંસી વગેરેથી દૂર રહી શકાય.





## સાયન્સ સૅન્ટર

**સાયન્સ સેન્ટરના ભોંયતળીયે ૩ડી થિયેટર તેમજ સોવેનીયર શોપ આવેલ છે. જયારે પ્રથમ માળ પર ફન સાયન્સ ગેલેરી, પ્લેનેટેરીયમ તેમજ પાવર ઓફ પ્લે ગેલેરી આવે છે. મધ્યસ્થ સ્તર પર ઓડિટોરીયમ તેમજ બીજા માળ પર ડાયમંડ ગેલેરી આવેલ છે, જયારે એન્ટરીંગ ઈન ટુ સ્પેસ ગેલેરી, કોસમોસ ગેલેરી ડેવલપ કરવાની કામગીરી ચાલુ છે.**

| ૩ડી શો | મંગળવાર થી શુક્રવાર નો સમય | શનિવાર, રવિવાર અને જાહેર રજાનાં દિવસો |
|---|---|---|
| અંગ્રેજી શો | ૦૯:૧૫, ૧૧:૨૦, ૧૨:૦૦, ૦૨:૪૦, ૦૪:૦૦ | ૧૧:૨૦, ૧૨:૦૦, ૦૨:૪૦, ૦૪:૦૦ |
| હિન્દી શો | ૧૦:૦૦, ૧૦:૪૦, ૧૨:૪૦, ૦૧:૨૦, ૦૨:૦૦, ૦૩:૨૦ | ૧૨:૪૦, ૦૧:૨૦, ૦૨:૦૦, ૦૩:૨૦, ૦૪:૪૦, ૦૫:૨૦, ૦૬:૦૦ |

| | |
|---|---|
| **સાયન્સ સેન્ટર + પ્લેનેટેરીયમ + મ્યુઝિયમ + ડાયમંડ ગેલેરી** | |
| ૧૮ વર્ષથી ઉપર | રૂા. ૧૦૦ |
| ૩ થી ૧૮ વર્ષ | રૂા. ૬૫ |
| **સાયન્સ સેન્ટર + મ્યુઝિયમ + ડાયમંડ ગેલેરી** | |
| ૧૮ વર્ષથી ઉપર | રૂા. ૬૦ |
| ૩ થી ૧૮ વર્ષ | રૂા. ૪૦ |
| **સાયન્સ સેન્ટર +પ્લેનેટેરીયમ+ મ્યુઝિયમ +ડાયમંડ ગેલેરી +૩ડી શો** | |
| ૧૮ વર્ષથી ઉપર | રૂા. ૧૨૦ |
| ૩ થી ૧૮ વર્ષ | રૂા. ૮૦ |
| **પ્લેનેટેરીયમ** | |
| ૧૮ વર્ષથી ઉપર | રૂા. ૫૦ |
| ૩ થી ૧૮ વર્ષ | રૂા. ૪૦ |
| **૩ ડી શો** | |
| ૧૮ વર્ષથી ઉપર | રૂા. ૬૦ |
| ૩ થી ૧૮ વર્ષ | રૂા. ૪૦ |

| **પ્લેનેટેરીયમ** | | | |
|---|---|---|---|
| **મંગળવાર થી શુક્રવાર** | | **શનિવાર, રવિવાર અને જાહેર રજાના દિવસો** | |
| ૦૯:૩૦ થી ૧૦:૨૦ | અંગ્રેજી | ૧૧:૩૦ થી ૧૨:૨૦ | ગુજરાતી |
| ૧૦:૩૦ થી ૧૧:૨૦ | ગુજરાતી | ૧૨:૩૦ થી ૦૧:૨૦ | અંગ્રેજી |
| ૧૧:૩૦ થી ૧૨:૨૦ | ગુજરાતી | ૦૧:૩૦ થી ૦૨:૨૦ | હિન્દી |
| ૧૨:૩૦ થી ૦૧:૨૦ | અંગ્રેજી | ૦૨:૩૦ થી ૦૩:૨૦ | હિન્દી |
| ૦૧:૩૦ થી ૦૨:૨૦ | હિન્દી | ૦૩:૩૦ થી ૦૪:૨૦ | ગુજરાતી |
| ૦૨:૩૦ થી ૦૩:૨૦ | હિન્દી | ૦૪:૩૦ થી ૦૫:૨૦ | અંગ્રેજી |
| ૦૩:૩૦ થી ૦૪:૨૦ | ગુજરાતી | ૦૫:૩૦ થી ૦૬:૨૦ | ગુજરાતી |